# ગાંધીનગર મહાનગરપાલિકા

## -: ગુજરાત સરકારશ્રી દ્વારા બિન અધિકૃત વિકાસને નિયમિત કરવા માટેના “વટહુકમ – ૨૦૨૨” ની સરળ તથા સંક્ષિપ્ત માહિતી :-

### કોને લાગુ પડશે ?

- તા. ૦૧/૧૦/૨૦૨૨ પહેલા થયેલ બિન અધિકૃત બાંધકામમાં પ્રવર્તમાન **CGDCR - ૨૦૧૭** ની જોગવાઈઓ **(//townplanning.gujarat.gov.in/act-legislation/common _ gdcr.aspx)** અનુસાર માર્જીન, બાંધકામનું ક્ષેત્રફળ, ઊંચાઈ, બાંધકામનો હેતુફેર(સનદની શરતભંગ સિવાય), પ્રોજેક્શન, સીમિત મર્યાદામાં કોમન પ્લોટ, પાર્કિંગ તથા એફ.એસ.આઈ. જેવી બાબતોના તમામ બાંધકામોને વટહુકમ – ૨૦૨૨ અંતર્ગત નિયમિત કરી શકાશે.

### કોને લાગુ પડશે નહિ ?

- **રેરા એક્ટ – ૨૦૧૬** હેઠળ નોટિસ અપાયેલ બાંધકામને નિયમિત કરી શકાશે નહિ.
- **સરકારી/સ્થાનિક સત્તામંડળોની** જમીન ઉપર કરેલ બાંધકામોને નિયમિત કરી શકાશે નહિ.
- **જાહેર રસ્તા ઉપર તથા પ્લોટની હદની બહાર** કરેલ બાંધકામોને નિયમિત કરી શકાશે નહિ.
- **શૈક્ષણિક સંસ્થાઓના સંકુલમાંના રમતગમતના મેદાનોમાં** કરેલ બાંધકામોને નિયમિત કરી શકાશે નહિ.
- **ગુજરાત હાઉસિંગ બોર્ડના** બાંધકામોને નિયમિત કરી શકાશે નહિ.

### અરજી કરવાની કાર્ય પદ્ધતિ

- ફરજીયાતપણે તમામ પ્રકારના બાંધકામો માટે રાજ્ય સરકારની **e-Nagar Portal** વેબસાઈટ ઉપર જ ઓનલાઈન અરજી કરવાની રહેશે.**(https://enagar.gujarat.gov.in/DIGIGOV/)**
- ઓનલાઈન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સરકાર દ્વારા વટહુકમ જાહેર થયાના ૪(ચાર) માસ સુધીની રહેશે.
- **GRUDA – ૨૦૨૨** માં દર્શાવેલ નિયત નમુના, બાંહેધરીઓ તથા યોગ્ય આધાર પુરાવાઓ સહિત ઓનલાઇન અરજી કરવાની રહેશે.
- મહાનગરપાલિકા મહત્તમ ૬(છ) માસ સુધીમાં અરજીની મંજુરી અંગે નિર્ણય કરશે. જે થયેથી મહત્તમ ૨(બે) માસમાં નિયત ફી ની ભરપાઈ કરવાની રહેશે.

- **નોંધ – GRUDA – ૨૦૨૨** તેમજ **CGDCR – ૨૦૧૭** ની વધુ માહિતી માટે ગાંધીનગર મહાનગરપાલિકાની વેબસાઈટ **https://gandhinagarmunicipal.com/** અથવા રાજ્ય સરકારના શહેરી વિકાસ અને શહરી ગૃહ નિર્માણ વિભાગની વેબસાઈટ **https://udd.gujarat.gov.in/act_and_rules.php** પરથી માહિતી મેળવી શકાશે.